પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫૩ | ૬ માર્ચ, ૨૦૨૦, શુક્રવાર; ફાગણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોના વાયરસ સામે ભારત સજ્જ

**ભારતમાં કેસોની સંખ્યા વધીને ૩૦ : ગાઝિયાબાદમાં વધુ એક દર્દી ટેસ્ટ પોઝિટીવ : મંત્રી ગ્રૂપના ઓબ્ઝર્વેશનમાં, ખુદ મોદીજીની પણ નજર : ભારતમાં સાવચેતીના તમામ પગલા અને એલર્ટ વચ્ચે ૬૧૧૧૬૭ યાત્રીઓની સ્ક્રિનિંગ થઇ : ચકાસણી માટે ૧૫ લેબ તૈયાર : બીજી ૧૯ લેબ ટુંકમાં તૈયાર : આરોગ્ય મંત્રીએ ગુરૂવારે સંસદમાં આપી માહિતી**



નવી દિલ્હી,તા. ૫
ચીન અને દુનિયાના ૮૯ દેશોમાં ભારે આતંક મચાવી રહેલા કોરોના વાયરસનો ખતરો હવે ભારતમાં વધી ગયો છે. બુધવારના દિવસે એક દિવસમાં ૨૩ કેસો સપાટી પર આવ્યા બાદ આજે ગાઝિયાબાદમાં એક દર્દી પોઝિટીવ આવતા ભારતમાં કુલ કેસોની સંખ્યા વધીને ૩૦ ઉપર પહોંચી ગઈ છે. કેન્દ્રિય આરોગ્ય પ્રધાન હર્ષવર્ધને આજે પણ કોરોનાની ભારતમાં સ્થિતીને લઈને માહિતી આપી હતી.




રાજ્યસભામાં કોરોના વાયરસ અંગે માહિતી આપતા હર્ષવર્ધને કહ્યુ હતુ કે સાવચેતીના તમામ પગલા અને એલર્ટ વચ્ચે કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે ૧૨ મોટા વિમાનીમથક અને ૬૫ નાના બંદર પર સ્ક્રિનિંગ કરવામાં આવી રહી છે. ચોથી માર્ચ સુધી ૬૨૪૧ વિમાનોની સ્ક્રિનિંગ કરવામાં આવી ચુકી છે. કુલ ૬૧૧૧૬૭ યાત્રીઓની સ્કીનિંગ કરવામાં આવી ચુકી છે. લોકો હાલ કોરોના પ્રભાવિત દેશની મુલાકાત ટાળે તેમ સરકાર અપીલ કરી રહી છે. દેશમાં ૧૮મી જાન્યુઆરીના દિવસથી જ ચકાસણી કરવામાં આવી રહી છે. ચીન, જાપાન, સહિતના સૌથી વધારે અસરગ્રસ્ત દેશોના યાત્રીઓની ચકાસણી તો પહેલાથી જ કરવામાં આવી રહી હતી. હવે વિદેશથી આવતા તમામ યાત્રીઓની ચકાસણી કરવામાં આવી રહી છે. હર્ષવર્ધને કહ્યુ હતુ કે એન૯૫ માસ્ક અને અન્ય ઉપકરણના નિકાસની પ્રક્રિયાને

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાના પગલે દિલ્હીની તમામ શાળાઓ ૩૧ માર્ચ સુધી બંધ રહેશે

**પીએમ મોદીનો બેલ્જિયમ પ્રવાસ રદ્દ : ભારતમાં કોરોનાનો ૩૦મો કેસ નોંધાયો, ગાઝિયાબાદની વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો**

ન્યુ દિલ્હી,તા.૫
કોરોના વાઈરસના પ્રકોપને જોતાં અને દિલ્હીમાં પણ તેને પોઝીટીવ કેસો મળી આવતાં સાવચેતીના પગલાંરૂપે દિલ્હી સરકારે ૩૧ માર્ચ સુધી તમામ પ્રાથમિક શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરી છે.

દિલ્હી સરકારના નાયબ સીએમ મનિષ સિસોદિયાએ ટ્વીટ કરીને જાહેર કર્યું કે કોરોના વાઈરસને ધ્યાનમાં રાખીને આ પગલુ ભરવામાં આવ્યું છે. ડોક્ટરોએ અને સરકારે એક સ્થળે મોટી સંખ્યામાં એકત્ર નહીં થવાની સલાહ આપી હોવાથી પ્રાથમિક શાળાના બાળકોના હિતમાં સરકારે આ પગલુ ભર્યું છે. તમામ સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ હવે ૩૧ માર્ચ સુધીનું બિનસત્તાવાર વેકેશન ગાળશે.

ભારતમાં કોરોનાનો ૩૦મો કેસ નોંધાયો છે. ગાઝિયાબાદની વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તાજેતરમાં આ વ્યક્તિ ઈરાનના પ્રવાસેથી આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના દર્દીઓને મળી શક્શે વીમા કવર : ઈરડા

વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (આઈઆરડીએ-ઈરડા) એ વીમા કંપનીઓને કોરોના વાયરસની સારવારના ખર્ચને આવરી લેતી નીતિઓ તૈયાર કરવા જણાવ્યું છે. વીમા કવરમાં કોરોનાને સમાવવાનો સંભવત. વિશ્વનો આ પ્રથમ પ્રસ્તાવ છે. ઈરડાએ બુધવારે એક નિવેદન બહાર પાડતાં કહ્યું, "આરોગ્ય વીમાની જરૂરિયાતને પહોંચી વળવા માટે, વીમા કંપનીઓને એવા ઉત્પાદનોની રચના કરવાનું સૂચન કરવામાં આવે છે કે જે કોરોના વાયરસની સારવારના ખર્ચને આવરી લે." આઈઆરડીએએ વીમા કંપનીઓને કોરોના વાયરસની સારવારથી સંબંધિત દાવાઓનો ઝડપથી નિકાલ કરવા માટે જણાવ્યું છે. આઈઆરડીએએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં દાખલ થવાના ખર્ચને આવરી લેવામાં આવતા કિસ્સામાં વીમા કંપનીઓએ ખાતરી કરવી જોઈએ કે કોવિડ -૧૯ સંબંધિત કેસોનો ઝડપથી નિકાલ કરવામાં આવે. વીમા નિયમનકારે પરિપત્રમાં કહ્યું હતું.

## વિશ્વના ૮૪ દેશો કોરોના વાયરસથી સકંજામાં આવ્યા

**અસરગ્રસ્ત દેશોની સંખ્યામાં ઝડપથી વધારો થયો : એકલા ચીનમાં કોરોના વાયરસના પરિણામે મોતનો આંક ૩૦૧૩**

બેઝિંગ,તા. ૫
કોરોના વાયરસના કારણે અસરગ્રસ્ત દેશોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. હવે અસરગ્રસ્ત દેશોની સંખ્યા વધીને ૮૪ થઈ ગઈ છે. કોરોના વાયરસને કાબુમાં લેવા માટે દુનિયાના દેશો તમામ મથામણ કરી રહ્યા છે પરંતુ આના પર કાબુ મુકવામાં સફળતા હાથ લાગી નથી. અસરગ્રસ્ત લોકોની સંખ્યા અને મોતનો આંકડો સતત વધી રહ્યો છે. હવે અસરગ્રસ્ત ૮૪ દેશોમાં મોતનો આંકડો વધીને ૩૨૮૬ સુધી પહોંચી ગયો છે. જ્યારે કેસોની સંખ્યા ૯૫૪૮૩ સુધી પહોંચી ગઈ છે. સૌથી વધારે અસરગ્રસ્ત લોકોની સંખ્યા ચીનમાં છે. જ્યાં અસરગ્રસ્ત કેસોની સંખ્યા ૮૦૪૩૦ છે. મોતનો આંકડો ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૩૨ના મોત સાથે ૩૦૧૩ સુધી પહોંચી ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# નિર્ભયાના દોષિતોને ૨૦મી માર્ચે ફાંસી

**દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે નવેસરથી ડેથ વોરંટ જારી કર્યું : ચારેય અપરાધીઓને ૨૦મી માર્ચના દિવસે સવારે ૫.૩૦ વાગે ફાંસી આપી દેવાશે : અંતિમ તારીખ હોવાનો નિષ્ણાંતોનો મત : બચવા માટે વિકલ્પો નથી**

નવી દિલ્હી, તા.૫
વર્ષ ૨૦૧૨ના નિર્ભયા




કાંડના અપરાધીઓની ફાંસીની તારીખ અંગે હવે ફેસલો થઈ ચુક્યો છે. દિલ્હીની પટિયાળા હાઉસ કોર્ટે ચારેય દોષિતોની ફાંસી માટે ૨૦મી માર્ચની તારીખ નક્કી કરી છે. નિર્ભયાના દોષિતોની ફાંસી માટે આ અંતિમ તારીખ છે. ચારેય દોષિત પવન ગુપ્તા, અક્ષય ઠાકુર, વિનય શર્મા, મુકેશને ૨૦મી માર્ચના દિવસે સવારે ૫.૩૦ વાગે ફાંસી આપી દેવામાં આવશે. કોર્ટના નિયમ મુજબ તમામ દોષિત પોતાના વકીલને મળી શકશે.

નવેસરના ડેથ વોરંટ જારી કરવામાં આવ્યા બાદ અપરાધીઓના વકીલ એપી સિંહે કહ્યું હતું કે, ચાર વખત દોષિતોની ન્યાયિક હત્યા કરવામાં આવી ચુકી છે. કેટલી વખત દોષિતોની હત્યા કરવામાં આવશે. સીઆરપીસી કહે છે કે, એકથી વધુ વખત હત્યા કરી શકાય નહી. તેમણે કહ્યું હતું કે, રાજ્ય તરફથી પ્રાયોજિત હત્યા કરી શકાય નહીં.

એપી સિંહે કહ્યું હતું કે, આ કોઈ આતંકવાદીઓ નથી. જેલમાં રહીને પોતાનામાં સુધારો કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, હજુ કાનુની વિકલ્પ રહેલા છે. અમને ભયભીત કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## ફરી ટળશે ફાંસી?

**દોષીતોને અલગ અલગ ફાંસી આપવાની અરજી પર ૨૩ માર્ચે સુનાવણી**

નિર્ભયાના દોષીતોને અલગ અલગ ફાંસી આપવાની મંજૂરી માગનારી કેન્દ્ર સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી ૨૩ માર્ચ સુધી ટાળી દીધી છે. સર્વોચ્ચ ન્યાયાલયમાં હવે આ મામલે ૨૩ માર્ચે સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટે ચારેય દોષીતોને ફાંસી આપવાની પટિયાલા હાઉસ કોર્ટ દ્વારા નક્કી ૨૦ માર્ચની નવી તારીખને જોતા સુનાવણી ૨૩ માર્ચ સુધી ટાળી દીધી છે.

## કોંગ્રેસના ૭ સાંસદો લોકસભામાંથી સસ્પેન્ડ

**ગૃહમાં ગેરવર્તન કરવા બદલ ગૌરવ ગોગોઇ સહિત ૭ સાંસદો સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ, વિપક્ષોમાં ફફડાટ**

ન્યુ દિલ્હી,તા.૫
લોકસભાના અધ્યક્ષના પત્ર છીનવા બદલ કોંગ્રેસના ગૌરવ ગોગોઈ સહિત સાત સાંસદોને વર્તમાન સમગ્ર બજેટ સત્ર માટે સસ્પેન્ડ કરવાનું આકરૂ પગલુ અધ્યક્ષ ઓમ બિરલા દ્વારા લેવામાં આવતાં કોંગ્રેસ અને અન્ય પક્ષોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થયા બાદ અધ્યક્ષના સ્થાને બિરાજમાન ભાજપના સિનિયર સાંસદ મીનાક્ષી લેખીએ કહ્યું કે, ગૃહમાં મત નંબર ૧ અને ૧ તારાંકિત પ્રશ્ન પર ચર્ચા શરૂ થઈ ત્યારે કેટલાક સભ્યોએ ગૃહની કાર્યવાહીથી સંબંધિત કાગળો સ્પીકરની બેંચમાંથી છીનવી લીધા હતા અને ટુકડા કરવામાં આવ્યા હતા. સંસદના ઈતિહાસમાં આવું દુર્ભાગ્યપૂર્ણ વર્તણૂક પહેલીવાર બન્યું છે. તેમણે સાંસદોના આચરણની નિંદા કરી હતી. સ્પીકરે ગૌરવ ગોગોઈ, ટી.એન.પ્રતાપન, રાજમોહન ઉન્નીથન, મણિકમ ટાગોર, બેની બેહન, ડીન કુરીકોસ, ગુરજિત સિંઘને સસ્પેન્ડ કર્યા હતા. આ પછી, સ્પીકરે ગૃહની કાર્યવાહી શુક્રવારે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી હતી.

ગૃહમાં બેફામ વર્તન કરવા બદલ કોંગ્રેસના સાત સાંસદોને લોકસભામાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય સ્પીકર ઓમ બિરલાએ કર્યો હતો. સાંસદોએ કથિત રીતે કેટલાક કાગળ ફાડી નાખ્યા હતા અને લોકસભાના સીટીંગ સ્પીકર પર ફેંકી દીધા હતા.

લોકસભામાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ કહ્યું કે, "આ સ્પીકરનો નિર્ણય નથી, પરંતુ સરકારે લીધેલ નિર્ણય છે. અમે આ સસ્પેન્શન આગળ નમવું નહીં."







